સુગમ્ય ભારત એપ્લીકેશન અંતર્ગત ફરિયાદ નિવારણ માટે રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ નોડલ અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૪૭૧૬૯/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૫/03/૨૦૨૧.

<u>વંચાણે લીધા</u>: (૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકારનો તા.૦૭/૧૦/૨૦૨૧નો અ.સ. પત્ર ક્રમાંક: I-14002/3/2020-AIC.

(૨) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકારનો તા.૨૨/૦૨/૨૦૨૧નો અ.સ. પત્ર ક્રમાંક: I-14002/1/2021-AIC.

(૨) The Rights of Persons with Disabilities Act, 2016.

<u>પ્રસ્તાવના</u>:-

દિવ્યાંગો માટે અડચણમુક્ત વાતાવરણના નિર્માણ માટે જાહેર ઇમારતો, વાહનવ્યવહાર તેમજ ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીને સુગમ્ય બનાવવા માટે ભારત સરકાર દ્વારા "સુગમ્ય ભારત અભિયાન" શરૂ કરેલ છે, RPwD Act, 2016ની કલમ નં. ૪૦ થી ૪૬ની જોગવાઇ મુજબ દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણનું નિર્માણ કરવાનું રહે છે.

દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણના નિર્માણ માટે મિશન મોડમાં કાર્ય થઇ શકે તે માટે જનભાગીદારી હેતુ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૦૨/03/૨૦૨૧ના રોજ ક્રાઉડસોર્સીંગ મોબાઇલ એપ્લીકેશન "Sugamya Bharat APP" લોન્ચ કરવામાં આવેલ છે. જેના થકી દિવ્યાંગો ઇમારતો, વાહનવ્યવહાર, Information, Communication અને Technology સિસ્ટમ વગેરેમાં સુગમ્યતાને લગતી ફરિયાદ મોબાઇલ એપ્લીકેશનના માધ્યમથી કરી શકે છે. સુગમ્ય ભારત એપ અંતર્ગત થનાર ફરિયાદ/ રજૂઆતના નિવારણ માટે વંચાણ લીધેલ ક્રમાંક (૧)ના ભારત સરકારના પત્રના સૂચન મુજબ રાજ્ય કક્ષાએની કચેરીઓ તથા જિલ્લા કક્ષાની કચેરીઓ માટે નોડલ અધિકારીની નિમણૂંક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી જે પ્રમાણે નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u> :-

ભારત સરકાર દ્વારા તા.૦૨/03/૨૦૨૦ના રોજ લોન્ચ કરવામાં આવેલ ક્રાઉડસોર્સીંગ મોબાઇલ એપ્લીકેશન "Sugamya Bharat APP" **પર થનાર ફરિયાદ/રજૂઆતનો સમયમર્યાદામાં યોગ્ય રીતે નિવારણ લાવી શકાય તે માટે નીચે મુજબના અધિકારીશ્રીઓને હોદ્દાની રૂએ આથી નોડલ અધિકારી જાહેર કરવામાં આવે છે.**

| ક્રમ | હોદ્દાની રૂએ નોડલ અધિકારી | સંબધિત કાર્ય ક્ષેત્ર |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી | તેમના વિભાગ અને વિભાગ હસ્તકની કચેરીઓ સંબધિત રાજ્ય કક્ષાની ફરિયાદ/ રજૂઆત માટે |
| ૨ | જિલ્લા કલેકટરશ્રી(DM) | તેમના જિલ્લા અંતર્ગતની સરકારી ઇમારતો અંગેની ફરિયાદ/ રજૂઆત માટે |
| ૩ | કારોબારી વડા/ કમિશનરશ્રી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ/ શહેરી સ્થાનિક સંસ્થાઓ | તેમના ક્ષેત્ર વિસ્તાર અંતર્ગતની ખાનગી ઇમારતો તેમજ શહેરી સ્થાનિક સંસ્થાઓની હદમાં આવતી અન્ય કોઇ પણ ઇમારતો અંગેની ફરિયાદ માટે |

સુગમ્ય ભારત એપ્લીકેશન માટે ઉપર મુજબના અધિકારીશ્રીઓને હોદ્દાની રૂએ નોડલ અધિકારી જાહેર કરવામાં આવે છે. આ હોદ્દો ધરાવનાર વ્યક્તિના નામ તેમજ સંપર્ક અંગેની વિગતો સંબધિત વિભાગ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ દ્વારા વખતોવખત પરિપત્રિત કરવાની રહેશે. તેમજ આ વિગતો સુગમ્ય ભારત અભિયાનના નોડલ અધિકારી તરીકે નિમાયેલ નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા નિયામકશ્રી કચેરી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને મોકલવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મુખ્ય સચિવશ્રીની તા.૦૫/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, માન. રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે કમિશનરશ્રીઓ
- દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.